પત્રિકા ૧૭૯ | ચિરાગે હિદાયત | ૦૫/૧૦/૧૮ ૨૪ મોહર્રમ

# શામના નાસેબીનો વાકેઆ

કરબલાની જંગ બાદ આ નિયમ બની ગયો હતો કે ‘જેની લાઠી તેની ભેસ’ (શક્તિશાળી કરે તે સાચું). આ ત્યારે બન્યું જયારે તે સમયનો શાસક દરેક જગ્યાએ જે કોઇ તેની સામે ઉભો થાય તેને નિર્દયતાથી કચડી નાખતો હતો. તેનું નામોનિશાન મીટાવી દેતો હતો. તેના વ્યક્તિત્વ (કીરદાર)ને ધ્યાનમાં રાખીને ખલીફા એવો પ્રચાર કરાવતો હતો કે પોતે સાચો છે અને ભોગ બનનાર વ્યક્તિ જુઠો.

અત્યાચારી યઝીદે ઈમામ હુસૈન(અ.સ.)ના કત્લને વ્યાજબી ઠરાવવા આ જ પ્રકારના જુઠા પ્રચારનો આશરો લીધો હતો. એક માત્ર ફરક એ હતો કે આ દુશ્પ્રચારની શરૂઆત મુઆવિયા ઈબ્ને અબી સુફયાન દ્વારા શામ (સીરીયા)ની ગાદી પર સત્તારૂઢ થયા બાદ થઈ હતી. વીસ વર્ષો કરતા વધુ ખોટી અને વિકૃત માહિતીના તીવ્ર પ્રચાર વડે બની ઉમય્યાએ માની લીધું કે લોકો બની હાશીમને (ઈસ્લામનાં હકીકી અને અલ્લાહ દ્વારા નિયુક્ત ઈમામને) ઈસ્લામના આગેવાન અને તારણહારના બદલે બળવાખોર અને પાખંડી (નઉઝોબીલ્લાહ) માનવા લાગશે.

અત્યાચારી યઝીદે કરબલામાં ઈમામ હુસૈન(અ.સ.)ને

શહીદ કરીને માની લીધું કે પોતે પોતાના હોદ્દા અને સત્તાને સુરક્ષિત કરી લીધા છે. તેણે માની લીધું હતું કે મૈદાને કરબલામાં જંગ સમાપ્ત થઈ ગઈ. પરંતુ તે એ સમજવામાં નિષ્ફળ ગયો હતો કે જંગનો અંત ઘણો દૂર છે, જેની સાબિતી ઈમામ હુસૈન(અ.સ.)ના ઘરનાં મઝલુમ અને નિર્દોષ બાળકો અને ઔરતોની કરબલાથી કુફા થઈને શામની મુસાફરી છે.

અહી આ લેખમાં અમારો હેતુ એ નથી કે ઓબૈદુલ્લાહ ઈબ્ને ઝીયાદ કુફામાં અને અત્યાચારી યઝીદ શામમાં કેટલા ઝલીલ થયા તેની વીસ્તારથી ચર્ચા કરીએ. અમો અત્રે ફકત ઈમામ અલી ઈબ્ને હુસૈન ઝયનુલ આબેદીન(અ.સ.)ની યઝીદનાં દરબારમાં જતી વખતે શામનાં બજારમાં થયેલી વાતચીતને રજુ કરીશું.

## * ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.) એ શામનાં નારેબીને તબદીલ કર્યો :

ઈમામ હુસૈન(અ.સ.)નાં કેદી કુટુંબીજનોનો કાફલો જ્યારે શામની એક મસ્જીદ પાસે રોકવામાં આવ્યો હતો ત્યારે એક વૃધ્ધ શામી (શામનો રહેવાસી) તેઓની પાસે ગયો અને કહ્યું ‘‘વખાણ અલ્લાહના કે જેણે તમોને મારી નાખ્યા અને બરબાદ કરી દીધા અને બળવાની આગને બુજાવી નાખી’’ (નઉઝોબીલ્લાહ). તેણે ઈમામ(અ.સ.)ને બૂરૂં

બોલવાનું અને કોસવાનું ચાલું રાખ્યું.

ઈમામ અલી ઈબ્ને હુસૈન(અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું "જેવી રીતે મેં તને સાંભળ્યો અને તે જે કાંઈ તારે કેહવું હતું તે કહી દીધું, તે તારી દુશ્મનાવટ અને લાગણીઓને જાહેર કરી દીધી. તો હવે મારે જે  કાંઇ કેહવું છે તે તું ધ્યાનથી સાંભળ."

શામી : "કહો."

ઈમામ અલી ઈબ્ને હુસૈન(અ.સ.) : "શું તે અલ્લાહની કિતાબ (પવિત્ર કુરઆન)ને વાંચી છે?"

તેણે જવાબમાં હા પાડી.

ઈમામ(અ.સ.) : "શું તે આ આયતને નથી પઢી?

(અય રસુલ !) તમે કહો કે, હું તો આ (રીસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણું માંગતો નથી, પરંતુ મારા નિકટના સગાવ્હાલાઓનો પ્રેમ."

*(સૂરએ શુરા-૪૨ : આયત ૨૩)*

શામી : "હા (પઢી છે.)"

ઈમામ(અ.સ.) : "તે સૌથી નઝદીકના સગા અમો છીએ."

પછી ઈમામ(અ.સ.)એ તેને પૂછ્યું : "શું તે અલ્લાહની કિતાબમાં અમારા તે હક્કનાં બારામાં વાચ્યું છે જે ફકત અમારા માટે છે અને બીજા કોઈ મુસલમાન તેમાં ભાગીદાર નથી?"

શામી : ‘‘ના.’’

ઈમામ(અ.સ.) : ‘‘શું તે આ આયતને નથી પઢી ?

અને તું નજીકના (સગાં-વહાલાં)ઓને તેમનો હક આપી દે.’’ *(સૂરએ બની ઈસરાઈલ-૧૭ : આયત ૨૬)*

શામી : ‘‘હા (પઢી છે.)’’

ઈમામ(અ.સ.) : ‘‘અમો એ લોકો છીએ જેના માટે અલ્લાહે તેના નબી(સ.અ.વ.)ને હુકમ આપ્યો છે કે તે અવશ્ય તેઓના હક્કોનું સન્માન કરે.’’

શામી : ‘‘શું તમો તે લોકો છો?’’

ઈમામ(અ.સ.) : ‘‘હા.’’

પછી ઈમામ(અ.સ.)એ તેને પૂછ્યું : ‘‘શું તે આ આયતને નથી પઢી?

અને જાણી લ્યો કે જે કાંઈ તમે કમાવ તેનો પાંચમો હિસ્સો અલ્લાહ માટે અને તેના રસૂલ માટે અને તેનાં (રસૂલના) સગાવ્હાલા માટે... છે.’’

*(સૂરએ અનફાલ-૮ : આયત ૪૧)*

શામી : ‘‘હા (પઢી છે.)’’

ઈમામ(અ.સ.) : ‘‘અમો તે નઝદીકના કુટુંબી છીએ.’’

પછી ઈમામ(અ.સ.)એ તેને પૂછ્યું : ‘‘શું તે સૂરએ અહઝાબમાં અમારા હકનું વર્ણન નથી જોયું, જેમાં બીજા કોઈ મુસ્લીમો ભાગીદાર નથી?’’

શામી : “ના.”

ઈમામ(અ.સ.) : “શું તે આ આયતને નથી પઢી?

અય અહલેબૈત (રસૂલના ઘરવાળાઓ)! સિવાય તેના કાંઈજ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતા દૂર રાખે અને તમને સંપૂર્ણ રીતે પાક પવિત્ર રાખે.” *(સૂરએ અહઝાબ-૩૩ : આયત ૩૩)*

શામીએ પોતાના હાથને આસમાન તરફ બલંદ કર્યા અને દુઆ કરી “અય અલ્લાહ હું તૌબા (પશ્ચાતાપ) કરૂં છું.” (તેણે આ ત્રણ વાર કહ્યું)

પછી તેણે કહ્યું “અય અલ્લાહ! જે કાંઈ મેં મોહમ્મદ(સ.અ.વ.)ની આલ(અ.મુ.સ.) સાથે દુશ્મનાવટ રાખી તેની માફી માંગું છું અને જે લોકોએ એહલેબૈત(અ.મુ.સ.)ને શહીદ કર્યા છે તેઓથી મારી જાતને જુદી કરૂં છું. ચોક્કસ હું ઘણા સમયથી કુરઆન પઢું છું પણ આ બધી બાબતોની મને આજે ખબર પડી.”

*અલ એહતેજાજ - ૨, પા.નં. ૩૦૭-૩૦૮,*
*શૈખ તબરસી(અ.ર.)*

---

*બેહારૂલ અનવાર - ૪૫, પા.નં. ૧૬૬,*
*અલ્લામા મોહમ્મદ બાકિર મજલીસી(અ.ર.)*

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com